હાસ્ય રસનો રાજા

અડવો

-: હમા હસથી ભરપુર : હસો બસ હસો :--

લેખક :
અંબેલાલ સવરામભાઈ દેશાઈ.

પ્રકાશક :
ગુજરાતી સાહિત્ય મંદિર તરફથી
જેકીશનદાસ ત્રિભુવનદાસ પટેલ.
સલાબતપુરા—સુરત.

આવૃત્તિ ૧ લી] [પ્રત ૨૦૦૦
સને ૧૯૨૬

મૂલ્ય માત્ર આઠ આના.

કૃપામય પ્રિન્ટીંગ વર્કસ—ખાડ બજાર—સુરત.

અડવો

અડવો એક નાનાં ગામડામાં રહેતો હતો. ફકત એક ફોઇ
દિ પુત્ર તેને અન્ય સંબંધી નહોતાં. જાતનો વાણીઓ હતો. દિવા-
ળ રાણું ગયું એટલે અડવો પોતાની પત્નીને તેડવા જવા તૈયાર
ા ની ફોઇએ તેને પાંચ શેરની ગોળપાપડી રસ્તે ખાવા કરી
અને પાંચ રૂપીઆ રોકડા પહેરેલાં ધોતીઆંને છેડે બંધાવ્યા
ી કહ્યું; "આઇ! જ્યાં રાત પડે ત્યાં વાસો રહેજે."

રાત પડશે તે હું કેમ કરતાં જાણું" અડવાએ પૂછ્યું.

ખૂડે ત્યારે રાત પડી એમ જાણવાનું એમાં પૂછવાનું
ાની ફોઇએ કહ્યું.

શેરની ગોળપાપડીનું પોટલું હાથમાં પકડી અડવો ઘરથી
ડવાને પોતાની મુસાફરી પગ રસ્તેજ કરવાની હતી.

ાં ચાલતાં અડવો પટેલનાં એક ખેતરને છેડે આવી
ખેતરને એક ખોડીબારૂં મૂકેલું હતું તેમાં એક પગ
સૂરજ આથમ્યો. ફોઇએ રાત પડે ત્યાં વાસો રહેવાનું

કહેલું હોવાથી એક પગ ખોડીબારામાં અને એક પગ બહાર રાખી અડવો ઉભો. આજ્ઞાંકિત અડવો કોઇની આજ્ઞાનો કેમ ભંગ કરે !

રાતના દશેક વાગ્યા હશે એટલે ઘીથી ભરેલાં કુંડા લઇને ચાર મારવાડીઓ આવ્યા. અડવાને ખોડીબારામાં બેઠેલો જોઇને મારવાડીઓએ કહ્યું, "અલ્યા કોણ છે રે ? રસ્તામાંથી ખસ. મારગ વચ્ચે કેમ બેઠો છે ?"

"હું છે ! દેવાળીઆના દીકરાઓ ! વાણીઆ છીએ હાહૂકાર છીએ. અમણાં અરધી રાતે કાં જવાના ?" અડવાએ કહ્યું.

"અલ્યા અહીં કોઇ ચોરનો ધાક બાક તો નથી ને." મારવાડીએ પૂછ્યું.

"અરે ગાંડા થીઆ હેડ ! અહીં એવો ધાક હોય તો અમે અગર બુદ્ધિ વાણીઆ અહીં બેહીએ ખરા કે ? જાઓ ફકર કયરા વગર પેલા જુવારનાં ખેતરમાં બેહો." અડવાએ અક્કલ ચલાવીને કહ્યું

મારવાડીઓએ "હમણાં અર્ધી રાત તો થવા આવી છે હાવે આજની રાત ખેતરમાંજ વીતાડીએ, મોરો મરઘો બોલતાં [illegible] જઇશું." એમ વિચાર કરીને તેઓ ખેતરમાં જઇને બેઠા.

રાતના બારેક વાગ્યા હશે એટલે સોની એ રસ્તે [illegible] અડવાને ખોડીબારામાં બેઠેલો જોઇને સોનીએ કહ્યું : [illegible] કોણ બેઠું છે ? ખસ રે રસ્તામાંથી."

"કોણ છે તે વાણીઆ છીએ, વેપારી છીએ, હાહૂકાર તમે કુંકણીમાના હાહૂ કાંથી આવયા. હું મને ચોર બોર

અમણાં અધ્ધી રાતે કાં જવાના? જાઓ પેલા આંબાના ઝાડ ઉપર ચઢીને નિરાંતે બેહો." અડવાયે ઉપાય બતાવ્યો.

"અહીં કાંઈ ડર બર તો નથી ને? અમારી પાસે જોખમ છે." સોનીઓએ પૂછ્યું.

"તે તમારી પાંહે જોખમ ને અમે હું વગર જોખમના ઓહે! અમે ડાઇ માના દીકરા ડર હોય તો જોખમ હાથે અમે અહીં રહીંયેઓ ખરા કે? જાઓ અવે છાનામાના પંચાત કયરા વગર મેં કયું તાં જઇને બેહો" અડવાએ હોંશભેર જણાવ્યું.

સોનીઓ આંબા ઉપર ચઢીને બેઠા અને કલાકેક વીત્યો હશે એટલે ચાર ચોર ચોરી કરવા નીકળેલા તે ત્યાં આવ્યા. તેમણે રસ્તા વચ્ચે અડવાને બેઠેલો જોઇને કહ્યું: "એ હકુરાનો દીકરો કોયો વચ્ચે સૂઓ સે! પાધરો પાધરો વચમાંથી ઉઠનો નીતો મણનો હાત પાંચછેરી થેઇ જહે."

" નથી ઉઠતા લે. હાહૂકાર છીએ વાણીઆ છીએ. તારા મનમાં ચોરઓર હમજે, અધ્ધી રાતે કાં મરવાના. છાનામાના બેહેને." અડવાએ આવેશમાં આવી જઇને કહ્યું.

ચોરોના હાથમાં તીર કામઠાં હતાં તેના વડે ચોરોએ અડવાને ઝાપટવા માંડયો. એક કહ્યું; "અલ્યા વાણીઆ છ એની પાંહે કંઇ ઓહે મારીને લઈ લેઓ."

એક અડવાના માથા પરની પાઘડી ઉંચકી લીધી એકે જોડા, અને એકે અંગરખો તથા બીજાં કપડાં કઢી લીધાં. જવા ની તેયારી

કરતાં તેમાંના એકે કહ્યું, "ચાલો અવે એની પાંહે કંઈ નથી."

"તારી કને ની ઓહે! હું નાગા ભૂખા દીઠા! આ રેઈ મારી કુઈએ પાંચશેરની ગોળપાપડી બાંધી આપેલી તે." ગોળપાપડીનું પોટલું બાજુપર મૂકેલું હતું તે લઈને બતાવતાં અડવાએ કહ્યું.

ચોરોએ તે પણ લઈ લીધું અને પછી કહ્યું; "ચાલો અવે એની પાંહે કાંઈ નથી રહ્યું."

"આહઉઉહવે હું અમે વાણીઆ ડાઇમાના દીકરા હુંનું રૂપું હાથે રાયખા વગર નીકરતા ઓહે. મારી કુઈએ પાંચ રૂપીઆ રોકડા આપેલા તે આ રીયા પોતીઆંને છેડે બાંધેલા." ધોતીઆંની આગળની પાટલીનો છેડો કાઢી બાંધેલા રૂપીઆ બતાવતાં અડવાએ કહ્યું.

ચોરોએ રૂપીઆ પણ લઈ લીધા. તેમાંના એકે કહ્યું, "મારો હહરો વાંહીઆ સે. રૂપીઆ ખોટા લાવી આપણને સેતરતો નથી?"

"હું અમે હાવકાર, વાણીઆ ખોટ રૂપીઆ રાખતા ઓહે ખાંડ ખાઓ બાજરા ખાઓ, અને તેમ કરતાંઓ તમને ભરોસો ની આવતો હોય તો પેલા આંબાના ઝાડ ઉપર પારેખ–હોનીઓ બેઠા છે તેની પાંહે જઈને રૂપીઆ પરખાવી લેઓ એટલે ઠેકાણે પડયું." અડવાએ ઉપાય બતાવ્યો.

અડવાનું કથન સાંભળીને ચોરોએ એકદમ આંબાના ઝાડ ઉપરથી સોનાઓને નીચે નાખ્યા અને તેઓની કને જે હતું તે લઈ લીધું.

ચોરોને સારો તડાકો પડેલો હોવાથી તેઓ અડવાની ગોળ-પાપડી ખાવા ત્યાંજ બેઠા. ખાતાં ખાતાં તેમાંના એકે કહ્યું: "આ હહરી લુખી લાગે છે; મઈ કંઈ ઘી બી નથી કે હું?"

"હું કરવા અમથા લૂખું ખાઓ, પેલા જુવારના ખેતરમાં ઘીનાં કુંડાં લઈને ચાર મારવાડીઓ બેઠા છે તેમની પાહેથી ઘી લાવો ને પછી ખાઓની. મારા હહરા બોટ જેવાની અક્કલ હોડે તીયારે કની!" અડવાએ બહાદુરીથી છાતી કાઢીને કહ્યું.

ચોરોએ સોનીની માફક મારવાડીને લૂટી લીધા. ચોરોએ ત્યાર પછી ઘી સાથે ગોળપાપડી ખાધી અને પછી ત્યાંથી ચાલ્યા ગયા.

પ્રભાત થવા આવ્યું એટલે મારવાડી અને સોની મનમાં અડવાને ગાળો દેતા ત્યાંથી વિદાય થયા.

પટેલનાં જે જુવારનાં ખેતરમાં અડવો બેઠો હતો તેમાં જુવારના છોડવાઓ વરીઆળી જેવા લીલા જણાતા હતા. કોઈ છોડવાને કણુસલાં નીકળેલાં હતાં ને કોઈને હજુ નીકળવાનાં હતાં. કોઈ કોઈ છોડવાઓનાં કણુસલામાં કુંણાં દાણા પણ ભરાયા હતા. અડવાએ વિચાર કર્યો આપણે આ ખેતરમાં આખી રાત ગાળી માટે આ ખેતરવાળાને કાંઈ પણ બદલો આપવો જોઈએ. આ ખેતરની કાપણી કરતાં એ ખેતરવાળાને બિચારાને કેટલી મહેનત પડશે માટે લાવને હું જ એની કાપણી કરું. પણ દાતરડું નહોતું!

પણ અડવો એમ હિંમત હારી જાય એવો નહોતો. તેણે અક્કલ દોડાવી. જુવારનું ખેતર સાચવવા તેમાં એક માળો બનાવેલો હતો. અડવો તેના ઉપર ચઢ્યો, તો રખવાળે રોજ ઘાસ કાપવા માટે ત્યાં દાતરડું મૂકી રાખ્યું હતું, તે અડવાભાઇએ હાથમાં લીધું અને એકદમ નીચે ઉતરી જુવાર કાપવા માંડી. અડવાએ એવી ઝડપથી કાપણી ચલાવી કે આઠ વિંઘાનાં ખેતરમાંથી ચાર વીંઘા કાપણી કરી નાખી. હજુ પણ અડવો બાકીની જુવારને ધરણી ઢાળી દેત પણ એટલામાં ખેતરનો રખેવાળ આવી પહોંચ્યો. તે તો જુવારને કાપેલી જોઇને એકદમ દિંગ્મુઢજ થઇ ગયો. તે વિચાર કરતો હતો કે આ કોણે કર્યું હશે? પણ એટલામાં ધોતીઆંનો કચ્છો વાળેલો હાથમાં દાતરડુ લઇને અડવો તેની સામે આવી પહોંચ્યો. તેને જોતાંજ રખેવાળે પૂછ્યું. "આ બધી જુવાર તેં કાપી નાંખી?"

"એ ઉ ઉ હ વે, મારા મનનાં એમ કે જુવાર ઢારતાં (કાપતાં) તમને બહુ મેનત પડહે તેનાં કરતાં લાવની હું અહીં નવરો બેઠો છું તે કાંઇ વધવાનો? વાંકો વાંકો ઢાયરા કરૂં. આપણા મનથી કે બેઠા કરતાં બેગાર ભલો." અડવાએ ઉપકાર કરતો હોય તેવી ઢબે કહ્યું.

અડવાનું કહેવું સાંભળવાથી રખેવાળે બે ત્રણ લાકડીના સપાટા મારીને અડવાને કહ્યું. "હહરા ઉંધા! તને કોણે કયલું ઉતું કે તું દોડ ડાયો થઇ જુવાર ઢારવા મંડી જજે. જા હહરા કારૂં કર તારૂં, અહીંથી રસ્તે જતાં જતાં જનાવર (પંખીઓ) ઉડાડતો ઉડાડતો જજે નીતો ખોભરો કાઢી લાખા."

અડવાના મનમાં કે પટેલ પાઘડી બંધાવશે પણ ત્યાંતો ઊલટા સપાટા પડયા. પટેલની આજ્ઞાનું પાલન કરતો અડવો રસ્તે "હોઓ ......હોઆ......હોઓ... ..હોઆ......" એમ પંખીઓ ઉડાડતો ચાલ્યો.

અર્ધીએક માઇલ અડવો ચાલ્યો હશે એટલે રસ્તાની બાજુપર એક પારધી જાળ પાથરી બેઠો હતો. બે ત્રણ પક્ષીઓ જાળમાં પડયાં હતાં અને બીજાં કેટલાંક અંદર સપડાવાની તૈયારીમાં હતાં એટલામાં અડવો "હાઓ...હોઆ...હોઆ...હોઓ" મુખે બોલતો અને હાથના લટકા કરતો ત્યાં આવી પહોંચ્યો.

અડવાનો હોકાર સાંભળી પારધીની જાળમાંનાં બધાં પક્ષીઓ ઉડી ગયાં. પક્ષીઓને ઉડી ગયેલાં જોઇને પારધીને એવી તો રીસ ચઢી કે એકદમ તેણે અડવાને ખોખરોજ કરવા માંડયો. અડવાએ કહ્યું; "ભાઇ મને હું કરવા મારે ? મને તો પેલા પટેલે જનાવર ઉડાડવાનું કહ્યું એટલે હું તેમ કરતો કરતો આવ્યો. ભાઇ અવે તું જેમ કે તેમ કરા."

પારધીએ તેને ગાંડો જાણી કહ્યું "જા, હવે રસ્તે પડ અને ચાલતાં ચાલતાં 'આમાં પડજો, આમાં પડજો' એમ બોલતો બોલતો જા."

શરીરે પડેલા સોળને પંપાળતો પંપાળતો અડવો આગળ ચાલ્યો. થોડેક દૂર ગયો હશે એટલે એક કણબીનો એકનો એક છોકરો ઉમ્મર વરસ વીસનો ઘરમાં કંઇ કજીઓ થવાથી કુવામાં

પડ્યો હતો, ત્યાં ઘણાં માણસો એકત્ર થએલાં હતાં. બે જણા અંદર ઉતરેલા હતા અને બે જણા ઉપરથી દોરડું નાખી કણબીના છોકરાને કુવામાંથી બહાર કાઢવા અંદર મૂકતા હતા. બાકીના કુવાની આજુબાજુ ઉભેલા હતા. ત્યાં આપણા અડવાભાઈ 'આમાં પડજો" એમ મ્હોંએ બોલતા અને હવામાં હાથ વીંઝતા આવી પહોંચ્યા.

આડવાનું કહેવું સાંભળીને બે ચાર જુવાન કણબીઓમાંથી રઘો પટેલ બોલી ઉઠ્યો; "એ કોણ છે રઘા પટેલ ! મારા હહરા વારો? હહરાને જરા મેથી પાક જમાડ એટલે બોલવાનું બધું ભુલી જાયજે. જરા કરજે ઢીલો હારી પેઠે. અગાડી જહે તો બે ભાર કપાહ જાણે ની પાકેલો ઉતો."

બે ત્રણ કણબીઓએ અડવાને પકડયો અને મજબૂત હાથે અકેક બબ્બે મૂક્કા લગાવી દીધા.

અડવાએ કહ્યું "ભાઇઓ ! મને હું કરવા મારો? તમે જેમ કેહો તેમ હું તો કરા."

"તો હહરા અક્કલના ઓથમીર, 'આવું તમારે કદી ન હોજો', આવું 'તમારે કદી ન હોજો' એમ કેતો આ પેલે હીધે રસ્તે હીધો હીધો ચાયલો જા." રઘા પટેલે હાથ લાંબો કરીને રસ્તો બતાવતાં કહ્યું.

અડવાભાઇએ પોતાની મુસાફરી આગળ વધારી. ગાઉ એક ગયો હશે એટલે એક મોટું ગામ આવ્યું. તે ગામના વાણીઆનો

એકનો એક છોકરો તેજ દિવસે પરણવા જતો હતો. મોટી ધામ-ધુમથી વરઘોડો નીકળ્યો હતો. આગળ જુવાનીઆ છોકરાઓ ચાલતા હતા તેની આગળ અડવાએ જઇને કહ્યું; "આવું તમારે કદી ન હોજો આવું તમારે કદી ન હોજો."

વરઘોડાની આગળ ચાલતા માણસો એકદમ ઉભા રહ્યા એટલે અડવાએ પુનઃ કહ્યું: "આવું તમારે કદી ન હોજો, આવું તમારે કદી ન હોજો."

વાણીઆ કાકી માના દીકરા ખરા પણ દશબાર હજાર રૂપીઆ કન્યાના પિતાને આપવા પડેલા અને બીજો ખર્ચ થયેલો તે જુદો એટલે જે છોકરો પરણવા જતો હતો તે લગભગ વીસ હજાર રૂપીઆના ભોગે પરણવા જતો હોવાથી 'આવું તમારે કદી ન હોજો' એ દશ અક્ષરનો અડવાનો મંત્ર સાંભળી કપુરચંદે કહ્યું: "એ ધરમચંદ એ સાળાને જરા બોલતાં સીખવ, બોલતાં."

કપુરચંદનું કહેવું સાંભળીને ધરમચંદ ને માણેકચંદ, પૂનેમચંદને પ્રેમચંદ એમ બબ્બેની જોડી બંધાઇ. કોઇએ અડવાને તમાચો તો કોઇએ મુક્કી મારી. તો કોઇ છેલીઆએ હાથમાં પકડેલી નેતરની સોટીના બેચાર ફટકા અડવાના પગમાં લગાવી દીધા. અને સૌએ પોતાનો ક્રોધ સમાવ્યો. ત્યાર બાદ કપુરચંદે કહ્યું: "સાળા મૂરખા હું ટારે એમ કેંટા કેંસ જા કે આવું ટમારે સડાય હોજો, આવું ટમારે સડાય હોજો."

"વાહ ભાઇ સાહેબ, તીયારે મારવા પેલાંજ એમ કહી મરવું હતું કેની? નકામો મારી મારીને લોટ કાઢી લાયખો. નેવરી કયકે

અમે વાણીઆ અગમ બુદ્ધિઃ ડાહ્યમાના દીકરા." એમ કહીને આડ-વાએ ત્યાંથી ચાલવા માંડ્યું.

આગને બીજે નાકે હજામવાડો આવ્યો. ત્યાં કોઇ હજામનો એકનો એક પચ્ચીસ વરસનો છોકરો મરી ગયેલો હતો તેનાં શબને લઇને હજામો આવતા હતા. હજામ બધા આદ્રિકા જઇ આવેલા એટલે સર્વના 'વાસ્કુટ'માં સોનાની અછોડો હતો અને તેણે અકેક ગીની ટાંગેલી હતી. કાંધીઆઓ વાતો કરતા, વચ્ચે વાત વાતમાં અપભ્રંશ અંગ્રેજી શબ્દો વાપરતા મડદાંને લઇને આવતા હતા. આડવો તેઓની સામેજ ચાલ્યો જતો હતો. આડવો છેક નજીક આવ્યો એટલે કાંધીઆઓએ લલકાર મારીઃ "રામ કેહો ભાઇ રામ" એટલે આડવાએ "આવું ટમારે સડાય હોજો, આવું ટમારે સડાય હોજો" એ મંત્ર બે હાથ પહોળા કરી કોઈ મહાન પુરુષ શુભાશીષ દેતો હોય તેની માફક ઢોંગ કરીને કહ્યું.

આડવાનું કહેવું સાંભળીને હજામભાઇની આંખ ફાટી. એણે કહ્યું, "અલ્યા ભગાભાઇ, આ હહરા કુંભારને મહુનો હાત પાંચ્છેરી કરી લાખરે ! જે થવાનું હોહે તે થહે. જાણે પચાક પવન(પેંડ) ની કમાઇવા !"

"અરે મારી હાહુની પચાહ પવનની તે હું વીસાત ! લાવે એક સફુર ની ગેયલા ઉતા !" જગલાભાઇએ એમ કહીને આડ-વાને પાંસળીમાં બેચાર મુકકા જડાવી દીધા. આડવો બિચારો બુમો મારવા લાગ્યો. આડવાની બુમો સાંભળીને છેક પાછળથી એક વૃદ્ધ

હજામ આગળ આવ્યો અને બોલ્યો "હહરા જગલા, જાણ્યો તને છોરો છે તે. હહરો એ મરી બરી ગીયો હ્નની તો કોણ તારો બાપનો બંધેવો તને છોડાવવા આવહે? હારાને પેલા ભીખા પટેલનાં બેંહડાં ખોડવાનું કેયું તીયારે ટાર વાગી, ને અંઇ કેવો ચપોચપ હાથ ચલાવવા મંડી ગીયો. હારા આવું કરતો દેખું પણ કોઇ દહાડો ખોહાઇ જહે ખોહાઇ! તારા મનમાં ખાંડ ખાતો ઓહે પણ!"

ઘરડા હંજામનું કહેવું સાંભળી જગલો એક બાજુ ઉભો રહ્યો. પછી પેલા વૃધ્ધે અડવાને કહ્યું; "આવું દુશ્મનનું સદા થજો.' એમ કેતો કેતો જા. ચાલ ચાલ્યો જા જાં જવાનો હોય તાં. એટલે પીડા પતે.' અડવો તેને રસ્તે પડયો અને હજામો 'પાછા રામ કેઓ ભાઇ રામ' કહેતા સ્મશાન તરફ રવાના થયા.

અડવો આગળ ચાલ્યો, ચાલતાં ચાલતાં એક નાનુંશું ગામડું આવ્યું. ગામમાં પેસતાંજ ઢેડવાડો હતો, તેમાં આગ લાગેલી હતી. ઢેડાંઓ કોઇક ધારીઉં તો કોઇ આંકડી લઇને ઘરમાંથી સામાન કાઢતા હતા. ઢેડીઓ રડતી હતી અને પાણીનાં બેડાં લાવતી હતી. છોકરાંઓ બુમાબૂમ ને રડારોડ કરી રહ્યાં હતાં. કેટલાક તો ઘરમાંથી બહાર કાઢેલો બીજાનો સામાન તફડાવી જંવાની ફિકરમાંજ ફર્યા કરતા હતા. સર્વે પોત પોતાની ચિન્તામાં હતા એટલામાં "આવું દુશ્મનનું સદા થજો, આવું દુશ્મનનું સદા થજો." એમ કહેતા કહેતા અડવાભાઇ ત્યાં પધાર્યા.

અડવાનું બોલવું સાંભળીને તેને એક પૂછ્યું : "અઇલા તું એ શું બોલી રયો છે."

"ખીજુ હું, આવું આ આગ લાગી છે તેવું તમારું દરરોજ થીઆ કરજો." અડવાએ જાણે કોઇ મહાન ગુંચ ઉકેલી હોય તેના માફક ડાવકું મ્હોં રાખીને કહ્યું.

એક ઢેડો કે જે યુરોપીયનનો બબરચી હતો તે બોલી ઉઠ્યો "યુ શું બકે છઃ યુ ઢેમ ફુલ ઇસ્ટુપીટ રાસ્કલ બાટલીકા બૂચ."

"કેમ અચલા દેવારીઆના દીકરા કાંઇ કાનમાં પુમડાં ઘાલ્યાં કે છું ! મારો હહરો મોટો તીસ્મારખાં આયવો તે વરા ગેટપીટ સોટપીટમાં જનો ઓહે. કોણુ જાણે કાં કમોતે રવડી રખડાને મરી જતો રહે તો." અડવાએ આંખો ફેરવીને કહ્યું.

"અરે કુનીઆ ! આ નાલાને ચઢાવરે કંપાણે કે એનો રોપ કોણુ જાણે કાં બેહી જાય અને ઘડીના છઠ્ઠા ભાગમાં હારો ચાલનો થાય." લાલીઆએ કહ્યું.

અડવાને માર મારવાની શરૂઆત થઇ એટલામાં એક બીજો ઢેડો ત્યાં આવ્યો તે બોલી ઉઠ્યો : "ઓ લાલીઆ ! હારા અડબૂચ જેવો મારીઆ કરે તે મરી બરી જહે તો આપણુને બધાને મોટી-મસ ‘ડીફીફી લીટી’માં (Difficulty) ઉતારી દેહે. કાંઇ પાછલાં બારણાંનું ભાન બાન રાખહે કે ?"

અડવાને ઘેરીને ઢેડાઓ ઉભા હતા તે બધા દૂર અસી ગયા એટલે અડવાને ત્યાંથી મુક્તિ મળી. દેવલા ઢેડાએ કહ્યું: "જા, ‘આવું દુશ્મનને પણ નખે હોતુ’ એમ કહેતો કહેતો જા."

"ના અવે હું તમારૂં કોઈનું કેયલું કરવાનો નથી. મને જેટલા મયલા તેટલા બધા નાગાજ મયલા. હારા માણુહ જાણીને મેં બધાનું કેયલું કયરૂં તીવારે મને જેટલા મયલા તેટલાએ માયરો કની! તમે કેઇ રીયા, ઉં તો તમારૂં કે તમારા બાપનું કે તેના બાપનુંએ અવે કેયલું કરવાનો નથી. મારા હહરા જે મલે તે મારજ મારે મારજ મારે બીજી વાતજ ની." અડવાએ ઉત્તર આપ્યો.

"હારૂં જા; અમારૂં કેયલું નખે કરતો પણ કોઇ ઠેકાણે બરતું હોય તાં ઓલવજે. ચાલ, જા અવે છાનામાનો ડાપણ કયરા વગર. હારો મોટો ડાપણનું પૂછડું આયવો તે વરી કીયારનો પંચાતી કયરા કરે." વાલીઆ ઢેડાએ છેક અડવાની નજીક જઇને કહ્યું.

કાંઈ પણ બોલ્યા સિવાય અડવાએ પોતાની કૂચ આગળ ચલાવી. અડવો ગામમાં પેઠો અને થોડેક ગયો એટલે એક કુંભારનું ઘર આવ્યું. ચાલી ચાલીને અડવો થાકી ગયેલો હોવાથી કુંભારના ઓટલા ઉપર બેઠો. જ્યાં અડવો કુંભારના ઓટલા ઉપર બેઠો ને સૂરજ આથમ્યો. અડવાનું સાસરૂં તેજ ગામમાં હતું. પણ સૂરજ આથમ્યા પછી સાસરે જાય તો કોઈની આજ્ઞાનું ઉલ્લંઘન થાય તેથી તેણે કુંભારના ઓટલા ઉપરજ રાતવાસો રહેવાનો દૃઢ નિશ્ચય કર્યો. અજાણ્યો મુસાફર જાણી કુંભાર અને કુંભારણે તેને કાંઇ કોરૂં કોરૂં ખાવાનું આપ્યું અને બહારના ઓટલા ઉપરજ પથારી પાથરી આપી. અડવો નિશ્ચિંતતાથી સૂતો. આખા દિવસનો થાકી ગયેલો હોવાથી ઘસઘસાટ ઉંઘવા મંડી ગયો.

બરાબર મધ્યરાત્રિએ અડવો જાગ્યો. આખા ગામમાં સર્વત્ર શાન્તિનું સામ્રાજ્ય વ્યાપેલું હતું. માત્ર કોઇ કોઇ વખત કુતરાં ભસવાનો કર્કશ સ્વર એ શાન્તતામાં વિક્ષેપ પાડતો હતો. અડવો પથારીમાં બેઠો હતો. કુંભારના ઘરની પાછળનો વાડો મોટો હતો તેમાંથી ધુમાડો નીકળતો હોય એમ અડવાને લાગ્યું. કુંભારના ઘરની દીવાલ પાછળથી વાડામાં જવાનું હતું ત્યાંથી અડવો વાડામાં ગયો. જઇને જોયું તો કુંભારે વાસણો પકવવા બે નેભા સીંચેલા હતા. તેમાં ઘાસ કરસાંઠી વિગેરે બળી રહ્યાં હતાં તેમાંથી ધુમાડો નીકળતો હતો. અડવાએ વિચાર કર્યો પેલા ઢેડાએ મને કહ્યું તું કે: "બળતું હોય તે ઓલવવું". એ બિચારાનું બધું બરી જશે. કુંભારને ઉઠાડું, એ બારણા ઉઘાડે, એ આવે એટલે બધું સફાચટ થઇ જશે. તેથી લાવની ઉંજ ઓલવી નાખું. ત્યાં બેચાર સાગઠા પડેલા હતા તેમાંથી એક લાંબો જોઇને અડવાએ હાથમાં લીધો અને બે વાગે એટલે તો બધાં વાસણનો ભૂકો કરી નાખી બધું બળતું ઓલવી નાંખી પાછો પોતાની પથારી પર નિરાંતે નિદ્રાવશ થઇ ગયો.

પ્રભાતે કુંભાર ઉઠયો અને જેવો વાડામાં ગયો તેવી તેની પ્રથમ દૃષ્ટિ નેભા ઉપરજ પડી. પોતાની સર્વ મહેનત વ્યર્થ ગયેલી જોઇને તથા આર્થિક નુકસાન પણ થયેલું હોવાથી આગળને બારણે આવી તેણે બે ચાર કુંભારોને ગભરાયલા સ્વરે બૂમો મારી બોલાવ્યા, અને તેઓને નેભા સંબંધી સર્વ હકીકત જણાવી. કુંભારો આંકી-

માંહે વિચાર કરવા લાગ્યા કે. "આવું કોણે કર્યું હશે ?" પુષ્કળ વિચારને અન્તે પણ તેઓ કોઇ પણ પ્રકારના દૃઢ નિશ્ચય પર આવી શકયા નહીં.

અડવો હજી નિશ્ચિંતતાથી નિદ્રાનો આસ્વાદ લઇ રહ્યો હતો, તે કુંભારોની ગડબડથી જાગી ઉઠયો. કુંભારોને બધાને એકત્ર થયેલા જોઇને પથારી ઉપર બેઠાં બેઠાં ઠંડે કલેજે પૂછયું, 'કેમ અયલાઓ, બધા એકઠા થીઆ છો ?"

"અરે મારા વાડામાં વાહણુના બે નેભા હીંચેલા હતા તે, તેમાંનાં બધાં વાહણ કોઇએ ભાંગી લાયખા ને નેભાઓ ઓલવી લાયખા. એ મારા હહરાવારો કોંયો ઓહે ?"

"અરે કાંઇ જેવા તેવાનું કામ, એતો આ બંદાનું કામ. રાતના વાડામાં બયરા કરે એટલે મેં જાયણું કે હવાર થતાં તો બધો કુંભારવાડો બરીને ભસમ થઇ જવાનો. તેથી તાં પડેલો એક લાકડો લઇને હું ઉપડો કની તે એક ચપટી વગાડે અરે એક આંખ વીંચીને ઉઘાડે એટલામાં તો બધું બરનુ ઓલવીને બેઠો. મારા કામમાં કાંઇ વાંધો હોય ? એવુ બીજ્જાથી ની બને એતો હાથીના ભાર હાથીજ ઉપાડે ઓઉઉઉવે." છાતી કાઢી સ્મિત હાસ્ય કરી વીરત્વની જ્યોતિથી ચમકી રહેલાં નેત્રોએ કુંભાર સામે જોઇને અડવાએ કહયુ.

અડવાની બહાદૂરીનાં બણગાં સાંભળીને કુંભારોએ તેને મ્હોંથી અને હાથથી પુષ્પાંજલિ આપવા માંડી. અડવાની ઇનામની અભિ-

લાધા મનમાંજ સમાઇ ગઇ, જેમ તેમ કુંભારોના હાથમાંથી મુક્તિ મેળવી તેણે સસરાનાં ઘર તરફ પ્રયાણ કર્યું.

બાલ્યાવસ્થામાં અડવાનાં લગ્ન થયેલાં હોવાથી અડવો પોતાની વહુને ઓળખતો નહોતો. જમાઇરાજનું સ્વાગત કરી અડવાને તેની સાસુએ સુન્દર ભોજન બનાવી જમાડયો. અડવો ગમે તેવો હતો પણ તે પ્રેમનો ભૂખ્યો હતો. પોતાની પત્નીને મળવા તેણે પુષ્કળ પ્રયત્નો કર્યાં પણ તે સર્વે વ્યર્થ ગયા. ઘરમાં એ ત્રણ સ્ત્રીઓ હતી. તેમાં પોતાની પત્ની કઇ હતી તે પણ તે નક્કી કરી શકયો નહીં.

રાત્રિ પડી. ઘર બહારના મોટા ઓટલા ઉપર અડવાનો ઢોલીઓ ઢળાયો. અડવો પોતાની પત્નીને મળવા અત્યંત આતુર હોવાથી ગમે તે પ્રયત્ને પણ પત્નીને મળવું એવો પોતાના મનમાં દઢ નિશ્ચય કર્યો. બરાબર મધ્યરાત્રિ થઇ એટલે અડવાએ પાસેનાં ઘરમાં પોતાના સસરાનું કોઢારૂં હતું તેમાંથી એક વાછરડું છોડી મૂકયું. વાછરડું છૂટવાથી કોઢમાં ખળભળાટ થઇ રહ્યો. અડવાની સાળી કોઢમાનો ખળભળાટ સાંભળી વાછરડું બાંધવા ઉઠી. ઘરનું દ્વાર ઉઘાડયું. દ્વાર ઉઘડવાનો ધ્વનિ થતાંજ અડવાએ વિચાર કર્યો કે મારી વહુ આવી. જેવું બારણું ઉઘડયું કે તુર્તજ અડવાએ એકદમ ઉઠી સાળીનો હાથ પકડયો. સાળી એકદમ ચોંકી ઉઠી પણ તે એટલી બધી બીધી હતી કે તેનાથી એક પણ અક્ષર મુખમાંથી કાઢી શકાયો નહીં. અડવાએ તેને છાતી સરસી ચાંપી અને "અમણાં વેર મને મળવા કેમની આવી? એવો પ્રશ્ન પૂછયો.

અડવાનો બોલ સાંભળતાંજ અડવાની સાળીને હિમ્મત આવી. "કાંઇ લાજ શરમ છે કે નહીં ? હું તો તમારી સાળી થાઉં. કરાયાં ઢોરની માફક આમ શું કરો છો ?" એટલું કહીને અડવાના ગાલ પર બે તમાચા જોરથી ચોઢી કાઢ્યા. અડવો પોતાના ગાલને પંપાળવા લાગ્યો એટલે તેની સાળી વાછરડાંને બાંધ્યા વિના ઘરમાં પેસી ગઇ. અને એકદમ પોતાની પથારીમાં જઇ સૂઇ ગઇ. અને થોડીવારમાં નિદ્રાવશ પણ થઇ ગઇ.

અત્યાર સુધી વાછરડું ગાયને ધાવવામાં રોકાયલું હતું પણ જ્યારે ગાયના આંચળમાંનું દૂધ પુરૂં થયું એટલે ગાયે કૂદવા ને નાચવા માંડયું એટલે પાછો કોઢમાં ખળભળાટ થઈ રહ્યો !

અડવાની સાસુ જાગૃત થઇ અને તે વાછરડું બાંધવા ઉઠી, દ્વાર ઉઘાડી જેવી તે બહાર આવી કે જેમ બિલાડી ઉંદર ઉપર તરાપ મારવા ટાંપી રહે તેમ બહાર ઓટલા ઉપર અડવો ટાંપી રહ્યો હતો. તેણે પોતાની વહુ જાણી ઝડપથી પોતાની સાસુના બન્ને હાથ પકડ્યા અને તેને પણ છાતી સરસી ચાંપી. અડવાની સાસુએ બુમ મારી–"ચોર છે ચોર છે, દોડો, દોડો." તેની બુમ સાંભળીને સામેના ઓટલા ઉપર સુતેલો એક ભરવાડો દોડી આવ્યો અને એકદમ અડવાભાઇને પકડી જમીન સાથે પછાડી તેની છાતી ઉપર ચઢી બેઠો.

આજુબાજુના બીજા માણસો તેમજ ઘરમાંથી અડવાની વહુ, તેની સાળી, સાળો, સસરો વિગેરે દોડી આવ્યાં. તેઓ પોતાની

સાથે ફાનસ અને લાકડીઓ લઇને આવેલાં હોવાથી ફાનસનો પ્રકાશ પડતાંજ સર્વેએ અડવાને ઓળખ્યો. જે ભરવાડ અડવાની છાતી પર બેઠો હતો તેણે પણ અડવાને ઓળખ્યો અને બોલી ઉઠ્યો. "એહેહે, આતો આપણી ચંચરનો માટી દેખું; એહ એ મારી હહરી વાઝ કેમનું બઝી ગીયું!"

અડવાની સાસુ તથા બીજા આવેલા લોકો એક બીજાની સામે જોવા લાગ્યા. અડવાની સાસુએ ખુલાસો કર્યો કે: "ખરો ચોર નાસી ગયો છે અને ભુલમાં ભરવાડે જમાઇને ચોર જાણી અંધારે પકડ્યો છે." પરન્તુ અડવાની સાળી આ બધો પ્રકાર પોતાના મનમાં સમજી એકલી એકલી હસવા લાગી.

"એહ તેમાં મારો હું વાંક! તેં બુમ પાડી ને હું દોડ્યો ને એ મારા હાથમાં આવી ગીયો એટલે મેં એને ચોર જાણી કોપરાટ્યો. હું જાણું કે એ તારી પોરીનો માટી થાય નીતો ની મારતે! ભરવાડે અડવાની સાસુ તરફ જોઇને કહ્યું.

એ મામલો એટલેથી ખતમ થયો એટલે સર્વ પાછાં પોતપોતાને ઠેકાણે જઇને સુઇ ગયા.

બીજે દિવસે અડવાની સાસુએ અડવાનો મુકામ ફેરવી નાખ્યો કારણ કે બહારના ઓટલા ઉપર અડવો બેસી રહે એટલે ફળીઆમાં થી જતા આવતા લોકો તેની મશ્કરી કર્યા કરતા. તેથી મુકામ ફેરવીને અડવાને ઘરના માળ ઉપર એક પથારી કરી આપી.

અડવો માળ ઉપર બેઠોબેઠો શેખસલ્લીના જેવા વિચારના ઘોડા દોડાવ્યા કરતો હતો એટલામાં તેની વહુ ચંચળ માળ ઉપર આવી.

લેવા આવી. તેને જોતાંજ અડવો એકદમ તેની પાસે દોડી ગયો. ચંચળે કહ્યું "આઘા રહેજો. મને અડશો નહીં, અભડાશો."

"તે કેમ તું કાંઇ ઢેડી બેડી છે હું કે તને અડકવાથી અડકાઇ જાય? એમ હદરી હાની કરી મરે. પાધરી પાધરી મરતી હોયતો મરની. અડવાએ છેક ચંચળની પાસે જઇને કહ્યું.

"અરે મારા હાથ ચોકખા નથી તેથી હું તમને અડકવાનું ના કહું છું. કાંઇ દુનીયાદારીનું ભાન બાન છે કે નથી?" ચંચળે આઘા ખસી જઇને કેહ્યું.

"આ મારી હાહુ ભાન વારી આવી, જાણે નાહાં પોયરાં પટાવવા નીકરી. તારા હાથને હું મુંઝારો થેયલો છે, હાથ તો નારા ચોકખા ચાંદી જેવા છે. હું મારી આંખે દ્દઠતું નથી. ને તે કરતાંઓ તારા હાથ ચોકખા ની ઓય તો હાણુ ની તે મટોડાંથી ધોઇ લાખની. રાંડ ગંદી, હું કાંઇ ઘરમાં પાણી નથી? બયરૂં, એવા કુવઠવેડા મારી હાથે ની ચાલહે, મારી માર ને ચામડું તો ફાડીજ લાખાજો. કાલ કાલની વરી ની આપણી હાથે બાલે ના ચાલે, ને જાણે બાપ લાખ ચાલીની તે વરી ગુમાનમાં ને ગુમાનમાં ફરયરા કરે, જાણે જુવાની તો એકલી તનેજ આવેલી ઓહે." અડવાએ ચંચળની છેક પાસે જઇને રોફભેર કહ્યું.

"વારૂ, ત્યારે તમે ઉભા રહો હું હમણા હાથ ધોઇને આવું છું." એમ કહી ચંચળ છાણા લઇને ઝપાટાબંધ દાદર ઉતરી નીચે ચાલી ગઇ.

અડવો રાહ જોઇ જોઇને થાકયો પણ ચંચળ માળ ઉપર આવી નહિ ત્યારે નિરાશ થઇને બેઠો, અને મનમાં વિચાર કરવા લાગ્યો

કે એ મારી વઉ ની ઓહે, ની તો આયવા વગર રેય ની.

બપોરે જમવાની વખત થઇ ત્યારે પાટલા ઉપર બેઠા પછી અડવાએ પોતાની સાસુને પૂછ્યુ. "પેલી ઢેડી કાં ગઈ! તમે ઓ મારા હહરા ની હારા દેખું. તે તમને કોઇ કુબરાની પોરી મલીજ ની તે ઢેડીને ઘરમાં કામ કરવા રાખી. તમારી અક્કલ કાં બરી ગેઇ અક્કલ! જરા મને તો પૂછ્યું ઉતું! જે કામમાં તમારી અકકલ અગાડી ની દોડે તેમાં મારા જેવા ચોકહ ચતરા માણહની સલાહ લેતાં હું તમને ગોરી વાગતી ઉતી?"

અડવાની સાસુ તેમજ બીજાં કોઇપણ અડવાનું કહેવું સમજ્યાં નહીં માત્ર એક ખૂણામાં ઉભી ઉભી ચંચળ હસતી હતી. તે પણ શું કરે? પડે દુ:ખને આવે હસવું એવો ઘાટ તેનો હતો.

અડવાની સાળાએ પૂછ્યું, "ઢેડી કઇ ને તમે એ શું વાત કરી રયા છો? અમને તો એમાં કાંઈ સમજણ પડતી નથી, અડવાજી!"

"અવે તમે બદ્ધાં અજાણ્યા થઇ જજો, મારી હાહુના લુચ્ચાં કમન. કેઇ ઢેડી કઇ ઢેડી હું કરી રહી! કેઇ તે પેલી મારા ઘર છાણાં લેવા આવેલા તે, મારાં હહરાંઓ ને બયરો તમારો અવતાર. અવે મને કોઇ છેડતું નાખે. નીતો થારીને મારી માથામાં મારી મુકા." અડવાએ લાલચોળ આંખોએ સાસુજી સામે જોઇને કહ્યું.

કાણુ જાણે વખતે અડવો કાંઇ નવનું તેર વેતરી બેસે તેથી કોઇ કાંઈ પણ બોલ્યું નહીં.

અડવાએ જમવા માંડ્યું. કંસાર ને ઘીનું ભોજન બનાવ્યું હતું. એટલે વાડકીમાંનું ઘી પૂરૂં થતાં અડવાની સાસુ પાછી ઘીની વાટી લઇને ઘી મૂકવા આવી. બીજી વખત બહુ ઘી નહીં જોઇએ એમ ધારી તેણે ઝીણી ધારે ઘી મૂકવા માંડ્યું. એટલે અડવાએ ચલાવ્યું; "મુકતી હોય તો હમી હમી મૂક. એમ ઉંદરડી હું મુતરાવવા કરે!" એમ કહીને સાસુજીનો હાથ પકડી ઘીની વાડી થાળીમાં ઉંધી વાળી દીધી. આખી થાળીમાં ઘીજ ઘી થઇ રહ્યું. સાસુ બિચારી શરમાઇ ગઇ અને ઝપાટાબંધ ત્યાંથી ચાલી ગઇ. અડવાએ વિચાર કર્યો હવે આને ખાવું શી રીતે? પણ તે કાંઇ ગાંજ્યો જાય એવો નહોતો. બધું દાળ, ભાત, શાક, કંસાર સર્વ ઘીમાં ચોળી તેણે થાળી મ્હોંએ માંડી અને બધું પી જઇ થાળી નીચે મુકી.

અડવાની અક્કલ હોંશીયારી જોઇને સર્વ મ્હોંએ કપડું દઇને હસવા લાગ્યાં. જો પ્રગટપણે હસે તો અડવાભાઇ હુટીને હુટી થાળી મારી મુકે એમાંનો નંબર હતો!

જમી પરવારી અડવો પાછો નાળપર જઇને સૂતો. રાતના પણ અડવાએ ખૂબ ખાધું અને એકદમ નિદ્રાવશ થઇ ગયો. બૈરાબર મધ્યરાત્રિએ અડવો જાગ્યો. કારણ કે તેને હમણાં ઝાડે જવું હતું; પણ ઘરમાં અંધારૂં ઘોર હોવાથી અને આજે રાતના સૂતી વખતે તેને કાંઇ પણ પ્રકારનું અટકચાળું ન કરવા બાબતની નોટીસ ઘરમાંથી મળેલી હોવાથી તે એકદમ ગભરાઇ ગયો. તેણે દીવાસળી

સળગાવીને જોયું તો એક ખૂણામાં માટીની માટલી પડેલી હતી. તેના ઉપર તેની નજર પડી.

તે એકદમ માટલીને ખૂણામાંથી ઉંચકી લાવ્યો અને પથારીની પાસે માટલી મુકી તેમાં ઝાડે ફર્યો.

પણ હવે માટલીને કેવી રીતે બહાર નાખી દેવી તેના વિચારમાં અડવો ગુંચાગો. આખી રાત એ વિચારમાં ને વિચારમાં તેને ઉંઘ પણ આવી નહીં. પણ આખરે તેણે એક યુકિત શોધી કાઢી. જ્યારે સવાર થવા આવ્યું ત્યારે અડવો એકદમ પથારીમાં બેઠો થઇ ગયો અને માટલીને કેડમાં મારી ઉપર ઓઢવાની પીછોડી ઢાંકી દાદર ઉતરવા લાગ્યો. ઘરમાંનાં માણસો તે વખતે ઉઠયાં હતાં. તેઓએ જાણ્યું કે જમાઇને રાતના કાંઇ અટકચાળું ન કરવાની સખત શબ્દોમાં ચેતવણી આપી હતી તેથી હમણાં રીસાઇ જાય છે. અડવાની સાળીએ પોતાના ભાઇ તથા બાપને અડવાજી રીસાઇ જાય છે એવી ખબર આપી; એટલે તેઓ બન્ને જણા અડવાની પાછળ દોડયા. અડવો આગળ દોડે અને પેલા બે જણા અડવાની પાછળ દોડે અને: "ઉભા રહો અડવાજી, ઉભા રહો અડવાજી" એમ પાછળથી બૂમો મારે પણ અડવો કેમે કર્યો ઉભો રહે નહીં.

અડવાને કેડમાંની માટલી સાચવવાની હતી તેથી તે થાકી ગયો અને ગામથી થોડેક દૂર જઇને ઉભો રહ્યો. તેનો સાળો અને સસરો પણ આવી પહોંચ્યા. તેમણે અડવાને કહ્યું "તમે આમ બોડે માથે કાં જાઓ છો? શું રાતના તમને કહ્યું તેથી ખોટું લાગ્યું.? આવો,

બૈરાંતો હોયજ એવાં, તેની વાતો આપણને મરદ માણસને-સાંભળતાં શી રીતે પાલવે ?"

અડવો બોલ્યો: "તમે તમારે જાઓ હું પાછળથી આવું છું."

પેલા બે જણાએ **અડવાની** ઓઢેલી પીછોડી પકડી અને રકઝક કરવા લાગ્યા. સવારના પહોરમાં લોકો જંગલે જતા હતા તેપણ કેટલાક ત્યાં એકઠા થઇ સસરા જમાઇની રકઝક જોવા લાગ્યા. **અડવાને** પુષ્કળ વિનવ્યો પણ તે એકનો બે થયો નહીં. એકઠા થયેલા લોકો અને પેલા બે બાપ દીકરો એમ **અડવાને** બાઝયાં. અડવો તાણે સીમ ભણી અને લોકો તાણે ગામ ભણી. એવી ખેંચાખેંચમાં અડવાએ છુપાવેલી માટલી ફુટી ગઇ અને બધું ત્યાં નરક નરક થઇ રહ્યું. જે લોકો અડવાને મનાવવામાં સામેલ થયા હતા તેઓ બધા ખરડાઇ ગયા. અને બિચારા ખશીઆણા પડી ગયા.

સર્વેએ તળાવમાં ના'વા જવાનો ઠરાવ કર્યો. અને તળાવ તરફ ચાલવા માંડયું. બધા આગળ ચાલતા હતા અને અડવો પાછળ ચાલતો હતો. રસ્તે આવતાં એક જુવાનીઓ મળ્યો તેણે **અડવાને** પૂછયું. "તમે બધા આ વેષમાં કયાં જાઓ છો ?"

અડવાએ કહ્યું, "એતો તમારા ગામના વીરચંદ વાણીઆનો નાનો જમાઇ મરી ગયો તેથી તળાવે 'સનાન' કરવા જઇએ છીએ. તમે જરા વીરચંદ શેઠને ત્યાં જઇને કહી દેજો."

પેલો માણસ ત્યાંથીજ બિચારો પાછો ફર્યો અને વીરચંદ શેઠને ત્યાં જઇ તેની ધણીઆણીને કહ્યું : "અરે ! તમે બેસી શું

રહ્યાં છો ? તમારો જમાઇ જે ગુલબી સાથે પરણેલો તે કાલનો મરી ગયો છે. વીરચંદ શેઠ, અડવાજી અને ગામમાંના બીજા કેટલાક માણસો તળાવે હમણાંજ સ્નાન કરવા ગયા છે.”

બૈરાંઓ તો બિચારાં છેડા વાળીને બેઠા. આજુબાજુની તેમજ ગામમાંની બીજી કેટલીક સ્ત્રીઓ પણ વીરચંદ શેઠને ત્યાં આવી અને રડવા કુટવાની તેઓએ ઠીક જગડી મચાવી.

અડવો, તેનો સસરો વીરચંદ શેઠ, તેનો છોકરો વિગેરે સ્નાન કરીને ઘેરે આવ્યા તો ત્યાં બૈરાંઓને આંગણામાં રડતાં કુટતાં જોઇને તેઓએ વિચાર કર્યો કે નક્કી કોઇ આપણા સગામાં મરી ગયું હશે. તેથી તેઓએ પણ સામેથી પોક મૂકી. મરદોને સામેથી રડતા આવતા જોઇને બૈરાંઓને શૂર છુટયું. તેમણે છાતીઓ ભાગી નાખવા માંડી, અને એક હોંસીલી બાઇડી હતી તેણે તો રાજબી પણ માંડી દીધી. મરદો રડતા રડતા આવીને ઘરની બહારના ઓટલા ઉપર બેઠા.

જે બાયડી રાજખી ગાતી હતી તેમાં અડવાને ખામી જણાંઇ. કોઇપણ બાબતમાં ભુલ થતી અડવો જોઇ શકતો નહીં. તે એકદમ ઉઠયો અને બૈરાંઓની વચમાં ભરાઇ જઇને તેણે એક નવીન રાજખી ગાવા માંડી :—

“મરશો બોલ્યોરે મધરાતનો
“મોટાના કુંવર મુઆ કેમ જાણીએ,
“હાટે પડી હડતાળરે-મરશો બોલ્યોરે મધરાતનો.”

સર્વ સ્ત્રીઓ ગાતી અને કુટતી એકદમ બંધ થઇ ગઇ અને આડવાની સામેજ જોઈ રહી. આડવો તો જાણે કોઇ વીર યોધ્ધો રણભૂમિપર શત્રુનો સંહાર કરતો ઘુમતો હોય તેની માફક ઘુમી રહ્યો હતો. હજુ પણ તે ગાતો હતો:—

"ભાઈ દોશીડા ઉઘાડ તારૂં દ્વારરે,
"કાપડ કાઢોરે મોંઘા મુલનાં
• ના કહીશ તારાં કાપડ કેરૂં મુલરે—મરશે બોલ્યોરે
મધરાતનો."

બેએક પુરૂષો ઓટલા ઉપરથી ઉઠયા અને આડવાને એકદમ ઝાલ્યો તો પણ આડવો તેઓને ગાંઠતો નહોતો, તેતો હજી આગળ રાજ્ઞી ચલાવતો હતો કે:—

"ભાઈ સોનીડા ઉઘાડ તારૂં દ્વારરે
"સોનું કાઢોરે મોંઘા મુલનું;
"ના કહીશ તારાં સોનાં કેરૂં મુલરે—મરશે બોલ્યોરે
મધરાતનો."

આડવાને જેમ તેમ બે ચાર મરદોએ પકડીને ઘરમાં આણ્યો અને એ ગાંડો થઇ ગયો છે એમ ધારી તેને દોરડાં વતી બાંધી એક મજબૂત થાંભલા સાથે બાંધી દીધો.

જ્યારે ઓવર્ગ રહી કુટીને પરવાર્યાં ત્યારે વીરચંદ શેઠે તેની પત્નીને પૂછયું: "આપણા જમાઇને શું થયું હતું ?"

"તે હું શું જાણું? પેલા સાથે કહેવડાવ્યું હતું તે!" અડવાની સાસુએ કહ્યું.

"અરે મેં તો કોઇની સાથે કહેવડાવ્યું યે નથી ને કાંઇએ નથી." વીરચંદે કહ્યું.

"ત્યારે તમે તળાવે ન્હાવા શું કામ ગયા હતા?" શેઠાણીએ પૂછ્યું.

શેઠે અડવાના પરાક્રમની બધી હકીકત શેઠાણીને કહી સંભળાવી, ત્યારે જ તેઓએ જાણ્યું કે જમાઈ મરી ગયો નથી. બિચારી ગુલબી-અડવાની સાળીને ફોડી નાંખેલી બંગડીઓ પાછી પહેરાવી અને અડવાના મહાન કાર્ય (!) ની સર્વે તારીફ કરવા લાગ્યા.

વીરચંદ શેઠ અને શેઠાણી બન્ને અડવાને માટે બહુજ અફસોસ કરવા લાગ્યા અને આવો જમાઈ આપણને કયાંથી મળ્યો તેને માટે બહુજ દિલગીર થવા લાગ્યાં. અડવાની વહુ ચંચળ પણ આવા અક્કલહીણ સ્વામી સાથે શી રીતે જન્મારો જશે તેને માટે બિચારી સંતાપ કરવા લાગી.

વીરચંદ શેઠ અને શેઠાણીએ હવે અડવાને પોતાને ઘેરથી વિદાય કરવાનો ઠરાવ કર્યો અને અડવાને કહ્યું. "તમે હવે અહીંથી જાઓ. હમણાં અમે ચંચળને મોકલવાના નથી."

"તે ની કેમ મોકલો ? શું બૈરી તમારા બાપની છે ? એ તો મારા બાપાની છે. તે મારા બાપની મિલ્કતનો હું એકલોજ હકદાર વારસ છેઉં. તે મારો બાપ મને પરણાવીને એ બૈરી આપી ગયેલો તે હું તમારે તાં રાખી મુકવા ? માટે એમ ની ચાલે. ગમે

તેમ કરો પણ હું તો અહીંથી મારી બૈરીને લેઇનેજ જવાનો! તમારે ગમે તો આ કાને હાંભરો કે પેલા કાને હાંભરો." અડવાએ લાંબા લાંબા હાથના લટકા કરીને કહ્યું.

બીજા બધાંએ અડવાને બહુએ સમજાવ્યો પણ અડવાએ કોઇનું કહેવું ગણકાર્યું નહિ. આખરે ઘરનાં બધાં માણસોએ એવો ઠરાવ કર્યો કે ચંચળ એને ગમે તેમ સમજાવશે અને પછી અડવાને વિદાય કરવો.

બીજે દિવસે અડવાની સાસુ માંદી પડી. શેઠને અને તેના દીકરાને કાંઇ કારણસર બહારગામ જવાનું થયું. ચંચળ શેઠાણી પાસે બેઠી બેઠી માખો ઉડાડતી હતી, એટલામાં અડવાભાઇ માળ ઉપરથી નીચે ઉતર્યા. ચંચળને શેઠાણી પાસે બેસીને માખો ઉડાડતી જોઇને તે એકદમ બોલી ઉઠ્યો: "અરે રાંડ ઢેડી તું અહીં મારી હાહુ પાહે કેમ બેઠી છે ? ઉઠ, ઉઠ; એતો હું માખીઓ ઉડાડા, તારૂં કંઇ કામ નથી."

ચંચળ ત્યાંથી ઉઠી ગઇ એટલે ટૂવાલ લઇને અડવો માખ ઉડાડવા બેઠો, અડવો માખો ઉડાડે અને પાછી આવી આવીને બેસે. થોડીવાર તો અડવાએ માખો ઉડાડી પણ પછી તે માખ ઉપર ગુસ્સે થયો. કપડાં ધોવાનો લાકડાંનો પાયો ત્યાંજ પાસે પડેલો હતો તે આપણા અડવાએ હાથમાં લીધો અને શેઠાણીના શરીર ઉપર જે જગ્યાએ માખ બેસે ત્યાં ધબોધબ લગાવવા મંડી ગયો. બેત્રણેક પાયા શેઠાણીને માર્યા એટલે તો શેઠાણીએ મોટો બરાડો પાડ્યો.

બૂમ સાંભળીને તેની બન્ને દીકરીઓ દોડી આવી. અડવાને પાયો લઇને પાસે બેઠેલો જોઇને બન્ને જણીઓએ લજ્જાનો ત્યાગ કરી અડવાના હાથમાંથી પાયો ઝુંટવી લીધો અને ગુલાબે પૂછ્યું: "અડ-વાજી, શું કરો છો. ?

અડવાએ કહ્યું: "કેમ શું કરો છો ? આ મારી હાહુ માખી-ઓને ઉડાડી ઉડાડીને થાકયો તે વરી આપણું કેયલું તો માને ની. પછી લઇ પાયોને આથડયો ને તે એકે ઝપાટે મારી હાહુને ઘુમો પડાવી. તમે હો રાંડો હું તમારા મનમાં જાણુતી ઉતી ? અમણાં એમ ફાયલી ફૂલી ફરો છો પણ રાંડો માટીને તાં જહો કની તાં તમારા હો એવાજ હાલ થવાના. હું તમે મને બાયલો હમજો, એમ ?" અડવો એટલું બોલીને ઉઠયો અને એકદમ ચંચળ અને ગુલાબની પાછળ દોડયો. તેઓ બન્ને બિચારી નાઠી અને પાડો-શીના ઘરમાં પેશી ગઇ. તે થોડીવારે તેઓ પાછી ઘરમાં આવી અને પોતાની માને જે જે જગ્યાએ પાયો વાગ્યો હતો ત્યાં કાંઇક ઓસડ ચોપડયું.

રાત પડી. આજે તો ચંચળે પોતાના સ્વામીને ગમે તેમ સમ-જાવીને વિદાય કરવાનો દૃઢ નિશ્ચય કર્યો હતો. તેથી જ્યારે બધાં ઉંઘી ગયાં ત્યારે તે એકલી માળ ઉપર અડવા કને ગઇ. ચંચળને જોતાંજ અડવો બુમ મારી ઉઠયો: "અરે, મારી હાહુ આ ઢેડી તો આ ઘરમાંથી જતીજ નથી."

પણ ચંચળ તેનાથી ડરી જાય એવી નહોતી. તેણે એકદમ હાથમાં ઝાલેલી સોટી વડે કાંઈ પણ બોલ્યા વિના અડવાને બેચાર સપાટા

લગાવી દીધા. માર ભડો દાતાર એ કહેવત પ્રમાણે અડવો એક-દમ ચૂપ થઇ ગયો અને ચંચળને પગે લાગવા માંડયો.

ચંચળ ધીરે રહીને અડવાની પાસે બેઠી અને કહ્યું: "જુઓ, હું તમારી વહુ થાઉં. મને ઠેઠી ઠેઠી શાના કહ્યા કરો છો!"

"અરે પણ તું મારી વહુ થતી હતી તો આટલા દહાડા કુમી મને કેમ ની કેયું! ને જ્યારે તું મારી વહુ હતી તો પછી તે દહાડે અહીં મારપર છાંણું લેવા આવેલી તે દહાડે શું કરવા એમ કેતી હતી કે મને અડતા નોખે હેં-મારી હહરાવારી એમ કરીને મને છેતરવા આવી ઓહે કેમ? જાણતી ઓહે પણ કાંધા તો તોડીજ નાખ્યા જે." અડવાએ આંખો ફેરવીને કહ્યું.

ચંચળે પાછી સોટી દેખાડી એટલે અડવો પાછો ચુપ થઇ ગયો. ત્યાર પછી ધીરે રહીને ચંચળે પૂછ્યું: "વારુ, તમને કંઇ વાત આવડે છે? કાંઈ વાત આવડતી હોય તો હું જાણું કે તમે ખરા અક્કલવાન છો! નહીં તો કાંઇ નહી."

"ઓહે, એમાં હું, તું કેય તો વાત તો એકની એકવી કરૂં." એમ કહીને અડવાએ સિંહાસન બત્રીસીમાંની સાંભળેલી એક વાર્તા કહેવાની શરૂઆત કરી;—

"અલી હાંભરે કે! કોઇ એક ગામમાં એક આંધરો ને એક લૂલો એમ બે જણા રહેતા હતા. એક દિવસ લૂલાએ પેલા આંધરાને કેયું મારા પગ ની મલે ની તો કોઇ પરદેશમાં કમાવા જતે."

"ત્યારે આંધરાએ કહ્યું : "તું ખભા ઉપર બેઠો જા અને મને રસ્તો દેખાડયા કરજે. એટલે હું તે આધારે ચાલ્યા કરા."

"બન્ને જણાએ એવો મનસુબો કરીને આંધરાએ લુલાને ખભા ઉપર બેહાડયો અને પોતાની મુસાફરી શરૂ કરી. જતાં જતાં તે બેઉ જણા એક શહેરમાં આવી પહોંચ્યા એટલે રાત પડી ગેઇ એટલે શહેરના દરવાજા બંધ થેઇ ગીયા. એટલે પેલા બેઉ જણા રાતની રાત દરવાજાની બહાર પડી રેયા.

"અવે તે શહેરમાં એક રાજા ઉતો તેને એક છોકરી ઉતી. તે છોકરીને છાતીએ એક મોટો મહો ઉતો તેથી તે છોકરીને કોઇ પરણ્યું નહીં. રાજાએ કોઇ રાજાના પોર્યા અથવા કોઈ સરદારના દીકરા સાથે તેને પરણાવવા બહુ મહેનત કરી પણ કોઇએ પણ એવી મહાવાળી પોરીને પરણવાનું કબુલ કીધું નહીં. તેથી રાજાએ એવો ઠરાવ કર્યો કે સવારના પહોરમાં શહેરના દરવાજામાં જે કોઇ પહેલો મરદ આવે તેની સાથે છોકરીને પરણાવી દેવી.

"સવાર થયું અને જ્યાં દરવાજા ઉઘડયા તેવાજ પેલો આંધરો અને લુલો બન્ને જણા હાથે દરવાજામાં પેઠા. રાજાએ ઠરાવ પ્રમાણે પોતાની દીકરી પરણાવવાનો પોતાનો વિચાર પેલાઓને કહી સંભરાવ્યો."

"અલી ! હાંભરે કે કે ઉંઘવા માંયડું ? રાજાએ પછી માંડવો બંધાયવો અને પેલાઓને પરણાવવા બોલાવ્યા. પણ પેલો લુલો આંધરાના ખભા ઉપરથી ઉતરેજ નહીં. તેથી બન્ને જણા જેમ પૈરથી તીકર્યા હતા તેમના તેમ આવીને માયરામાં બેઠા.

"પરણી રયા પછી રાજાએ તે લોકોને રેવા માટે એક ઘર આપ્યું. એક દિવસ લૂલાએ રાજાની છોકરીને કહ્યું: "આપણે આ આંધરાને મારી નાખીએ તો પછી આપણે મોજ મજાહ કરીએ. તેથી લૂલાએ કન્યાને કહ્યું કે 'આપણા બારણામાં એક મરી ગયેલો હાપ છે તે ઉકાળીને આંધરાને પાઇએ તો એની કુંહી નીકરી જાય'. આંધરો એ વખતે પાદરે ગેયલો હતો તેથી લૂલા અને પેલી કન્યાનો પેચ તે જાણવા પામ્યો નહીં."

"પછી એક હાંલ્લામાં તે સાપના કકડા કરીને મહીં પાણી રેડી ને ચૂલા ઉપર ઉકાળવા મુયકા. આંધરો પાદરે જઇને આયવો અને પાછો પોતાને ઠેકાણે બેઠો. થોડીક વાર થઇ એટલે આંધરાએ પેલી રાજાની પોરીને પુયછું, "અલી હાંભરે કે? મને બોઉ ભુખ લાગેલી છે માટે કાંઇ ખાવાનું હોય તો આપ." રાજાની પોરીએ કેયું; હમણાં તો હું ખાવાનું છે કાંઇ પણ નથી એમ કહીને તે પણ લૂલા પાહે જઇને બેઠી. આંધરાને ખુબ ભુખ લાગેલી એટલે તેને કાંઇ ચેન પડયું નહીં. તેથી તે ફાંફાં મારતો ચૂલા હોડે ગયો. ચૂલા ઉપર સાપના કકડાનું હાંલ્લું ઉકળતું હતું તેના ઉપરનું ઢાંકણું ઉઘાડયું. આંધરાએ જાણ્યું કે કાંઇક મહીં ખાવાનું હશે. આંધરો અંદર હાંલ્લામાં જોઇ રહ્યો હતો. તેને પેલા સાપના ઝેરની ગરમી લાગી એટલે તેના આંખના પડળ ઉઘડી ગીયાં અને આંધરો હતો તે દેખતો થયો. દેખતો થતાંજ તેણે હાંલ્લામાં સાપના કકડા જોયા એટલે તો એકદમ ગુસ્સે થયો અને દોડતો લૂલો અને

રાજાની છોકરી બેઠેલી હતી ત્યાં ગયો અને એકદમ લુલાના પગો પકડીને તેને રાજાની પોરી ઉપર અફાર્યો. રાજાની પોરી ઉપર અફારતાંજ તે કન્યાનો મસો ખરી ગીયો અને લુલાના પગોની નસો છુટી જવાથી તે પણ ચાલતો થઇ ગયો. એમ તણે જણાંની ઓડો જતી રહી, એટલે પેલો આંધળો ને લુલો બેઉ જણા તકરાર કરવા લાગ્યા. એક કહે કે મારી બૈરી, ને બીજો કહે કે મારી બૈરી, તીયારે તું બહુ હુશીયાર દેખું તીયારે કેની એ બૈરી કોની થઇ?''

ચંચળ વિચારમાં પડી ગઇ. પણ તેને ઉત્તર આપવાનું સુઝયું નહીં. ઘડીભર મારો વર મુરખો છે એ પણ તે ભુલી ગઇ અને તેનાં મોં સામેજ જોઇ રહી. ચંચળની એવી સ્થિતિ જોઇને આડવાએ કહ્યું: "રાંડ, મરઘડીની પેઠે મારી હામે ડોરા હું પીપલાયવા કરે? તું બોઉ અક્કલવારી ને ડાઇ ડમરી દેખું તે બોલની હવે, એ બૈરી આંધરાની કે લુલાની?"

"મને તો બધરૂં નથી આવડતું, તમેજ કહોને. હું કાં કહું છું કે હું અક્કલવાળી, તમારા મરદો જેટલી અક્કલ કાંઇ અમારા બૈરામાં હોય? તમેજ કહોને. હું હારીને તમે જીત્યા. પછી કાંઇ છે?" ચંચળે નમ્ર સ્વરે કહ્યું.

"તો એમ બહી મરની. મારાં હહરાં હું આયવો તીયારનો અને બધાં વગર અક્કલનોજ ડોકયા કરે તે પેલાંથી વિચાર કરવો હતોની? લે ચાલ ઓહે જેમનું બધરૂં તેમનું, પણ હવે હાંભર. પેલી

મેરી તો લુલાની. કેમકે આંધરા ઉપર બેહીને લુલો પરણુવા ગયેલા, તેથી આંધરો તો ઘોડો અને લુલો વરરાજા થીઓ. બન્ને જણુા જીયારે લડતા લડતા રાજા પાહે ગીયા અને તાં બધી વાત કરી તીયારે રાજાએ પોતાની પોરી લુલાને હોંપી દીધી અને આંધરાને કાયડો કુટાદીને. મારા હહરામાં એકુમાં અકકલની તો— જાત ની મલે ને વરી વરણુાગી કયરા કરે. છે બુદ્ધિ કોઇના બાપની? એમ તીયારે!" અડવાએ છાતી કાઢીને ચંચળના ગાલ ઉપર એક તમાચો ચોઢી કાઢી અભિમાન સાથે કહ્યું.

ચંચળ બિચારી કાંઇ બોલી નહી. પણુ ધીરે રહીને તેણે કહ્યું: "પણુ તમે અહીંથી તમારે ઘેર કયારે જવાના?"

"પણુ તેમાં મને શું કેમા કરે. મને તો મારી ફોઇએ કયહું કે વહુને લીધા વગર આવતો નોખે. એટલે તને લીધા વગર હું કેમે કરતાં અહીંથી નઇ જાઉં. તું જો આવતી હોય તો આપણે કાલે હવારે અહીંથી આલ્યાં જઇએ. બોલ છે તારી મરજી?" અડવાએ સાસરેથી ન જવાનું કારણુ જણુાવ્યું.

ચંચળે અડવાને બહુએ સમજાવ્યો પણુ તેણે ચોકખી જવાની ના પાડી. આખરે અડવાથી તેના સાસુ સસરા કંટાળ્યાં એટલે ચંચળને અડવા સાથે મોકલવાનો ઠરાવ કર્યો. તો પણુ બીજે દિવસે અડવાની સાસુએ અડવાને કહ્યું, "તમે હમણાં જાઓ અને કોઇ ચોકકસ માણુસને મોકલજો તેની સાથે ચંચળને મોકલીશું. તમારી સાથે નહીં મોકલીએ.

"એં હેં હેં હેં ! મારી હાડ તું વળી હું જોઈને વાત કરતી હોહે ? આ મારા કરતાં બીજો તને કોણ ચોકઠ માણહ મળવાનો જે તેની હાથે મોકલવાની ? હું મારામાં કાંઈ અક્કલ નથી ? કાલે રાતના મેં વાતમાં ને વાતમાં તારી પોરી મારી વહુને હરાવી દીધેલી. મારા જેવો ડાયો ડમરો કોઈ હોધી તો લાવ ! છાની માની પ્રતરાજી કર્યા વગર પોરીને તીયાર કર. હવે હું થોભવાનો નથી. બસ, વહુ વગર રેવાઇ તેમ નથી. મને અઈં આવવાનેઓ. કેટલા દાડા થઇ ગીયા. બસ હું તો આજેજ જવાનો." અડવાએ સાસુજીને ફરમાવ્યું.

બીજે દિવસે બન્ને જણાને—અડવાને ને ચંચળને—ત્યાંથી વીરચંદ શેઠે કંટાળીને વિદાય કર્યાં. જતી વખતે શેઠાણીએ અડવાને શીખામણ દીધી કે, "જો જો ચંચળને સાચવજો, એને દુઃખ દેતા નહીં ને રસ્તે પણ સાચવીને જજો. જો જો કોઇ ઠેકાણે પાછા અક્કલનો ભાંગરો બાંધરો વાટતા નહીં." ને પછી ચંચળને કહ્યું: "ચંચળ, સાચવીને જજે. આપણી ગાલ્લી તને મુકવા આવે છે તે બન્ને જણા સંભાળી ને જજો ને કાંઇ સુખ દુઃખ પડે તો મને કહેડાવજે. ને સહીસલામત પહોંચી જાઓ એટલે ચિઠ્ઠી આપણા ગાડાવાળા સાથે લખી મોકલજે."

અડવો પોતાની બૈરીને લઇને ઘેર આવી પહોંચ્યો. એટલું વળી સારૂં થયું કે રસ્તે તેણે પોતાની અક્કલનો ઝરો કોઇ જગ્યાએ ખાલી કર્યો નહીં.

એક દિવસ અડવાને ત્યાં બે ચાર મેમાન તેની જાતના એટલે મારવાડી વાણીઆઓ આવી પહોંચ્યા. અડવો કાંઇ પણ ધંધો કરતો નહીં, એટલે ઘરમાં ખાવાનું નહોતું; પણ મેમાનને કાંઇ ખવડાવ્યા સિવાય ચાલે? અડવાની વહુ ચંચળ બહુ હુશીયાર હતી. તેણે જુવારનું ભડકું રાંધ્યું અને અડવાને બોલાવી મેમાન સાથે કેવી રીતે વર્તવું તેની પાકી સમજણ આપી અને પછી મેમાનોને જમવા બોલાવવા આગલે બારણે મોકલ્યો.

આગળની પરસાળમાં ચારે મેમાનો આડા થઇને પડયા હતા ત્યાં આવીને અડવાએ પોતાની ખાસ ફરમાસુ મારવાડી ભાષામાં કહ્યું: "એ...હજારી મલજી, અનરાજજી, જુવાર મલજી, ગરબડ ચંદજી, ચલો, ચલો!"

પેલા મેમાનમાંના એકે પુછયું "કોય હે, શેઠજી કોય હે!"

અડવાએ કહ્યું: "અરે કયા કહું?"

મેમાને કહ્યું: "પન થયો કોય હે શેઠજી"

અડવો બોલ્યો: "જુવારચંદરો બેટો, ભડકોચંદજી આવ્યો હે! કાથરોટપુરમેં ઉતર્યો હે! ચલના હો તો ચલો નહીંથો પેટપુરમેં જાતો હે! તે શીતલપુરમેં ઠરતો હે!"

પેલા આવેલા પરોણા સમજ્યા કે કોઇ બીજો નવો મેમાન ઘરમાં આવ્યો છે. તેથી જમવા ચાલો નહીં તો બધું રાંધેલું તેના પેટમાં જતું રહેશે અને પેટમાં ઠંડું થઇ જશે તેથી ચારે જણા

એકદમ ઉઠયા અને ઉતાવળા ઉતાવળા હાથ પગ ધોઇને જમવા બેસી ગયા. જમ્યા પછી મેમાન આવેલા વાણીઆઓ સમજ્યા કે મારા બેટા અડવાએ શેર શેર ઘીને બદલે જુવારની રાબડી જમાડી પતાવ્યું તેથી તેઓ રહેવાના હતા પણ જ્યાં ઘી ખાવાનું ન મળે ત્યાં સાસરવાડીઓ કેમ રહે ? એટલે ચાલ્યા ગયા.

અડવો આખો દહાડો ઘેર બેસી રહેતો અને કાંઇ પણ કામ ધંધો ન કરતો હોવાથી તેની ફોઇએ એક ગૃહસ્થ માણસને ઘેર તેને નોકરીએ રખાવ્યો. અડવો કાંઇ ઝાઝું ભણેલો નહોતો એટલે ગૃહસ્થને ત્યાં તે ઘરનું કામકાજ કર્યા કરતો. એક દિવસે પેલા ગૃહસ્થને કોઇ મિત્રની છોકરીનાં લગ્નમાં જવાનું હતું તેથી તે અડવાને પણ સાથે લઇ ગયો. રાતના આંગણામાં સર્વે જમવા બેઠા. ભોજન કંસાર ઘીનું બનાવેલું હતું. આંગણામાં બધે રેતી, પાથરેલી હતી. અડવાની પત્રાળીમાં બધાની સાથે ઘી પીરસાયું અને ઉપરથી બુરૂં પણ પીરસાયું. અડવો મોટા હાથે કંસારમાં ઘી તથા ખાંડ ચોળવા મંડી ગયો એટલે બાજ કાણી થઇ અને કંસારમાં રેતી ભેળાઇ. તો પણ આપણો અડવો વિચાર કરવા લાગ્યો, કે 'સાલા ખાંડ દલનારાઓએ અંદર કેવી મોટી ખાંડ રેવા દીધી ? સાલાને બરાબર ઝીણી દરતાં શું થીયું એહે ?' જેમ તેમ અડવો બધાની સાથે જમી ઉઠયો.

સર્વે જમીને જ્યારે દિવાનખાનામાં પાન સોપારી ખવા બેઠા ત્યાં અડવો આવ્યો અને બધાની વચમાંજ પોતાના શેઠના મિત્રને

પુછ્યું: "હેઠજી! આ ખાંડ કેઇ મારી ઉહરાવારી એ હરેલી કે મંઈ બધી ખાંડ મોટી મોટી રેતા દીધેલી! મને બતાવો તે મારી હાકુને કે એકી ઢીકે તેનું ડાચું ભાગી લાખું."

શેઠે કહ્યું: "અમારા કોઇનામાં મોટી ખાંડ નહીં આવી ને તારામાં ક્યાંથી આવી? ખાંડ તો તૈયાર દળેલું બુરું આવ્યું હતું!"

અડવાના શેઠે કહ્યું: "અરે મુરખા તારી પત્રાળી કાણી ભાગી ગઇ હશે તેથી તારા ખાવામાં રેતી આવી હશે. બાકી ખાંડમાં તો કાંઇએ ન હતું."

અડવો અને તેના શેઠ બન્ને લગ્નમાંથી પાછા પોતાને ઘેર આવ્યા. એક દિવસ અડવાના શેઠને ત્યાં કોઇ બે મહેમાન આવ્યા. શેઠ કાંઇ કામમાં રોકાયલા હોવાથી કંટાળી રહ્યા હતા, ત્યાં જઇને અડવાએ કહ્યું:

"હેઠજી! હેઠજી! આપણે તાં કોઇ બે પરાણા આવ્યા છે તે ઘરમાં આવીને બેઠા છે."

શેઠે ગુસ્સામાંજ અડવાને ફરમાવી દીધું કે: "આવ્યા છે તો બે પાણીના લોટા ઠોકને. તેમાં અહીં કહેવા શું આવ્યો. હજુ સુધી તારી અક્કલ ચાલતી નથી!"

"અરે હેઠજી, મારી અક્કલ ની ચાલે એવું તે હોય! હું તો તમારા હુકમની રાહ ડીવારની જોયા કરું છું. અવે જો બે લોટા ઠોકું." એટલું કહીને અડવો ઘરમાં ગયો અને પાણીના બે લોટા

મારી આવી જ્યાં આગળ મેમાનો બેઠા હતા, ત્યાં આવ્યો અને ત્યાં એક લોટો એક હાથમાં પકડી પેલા મેમાનોના કપાળમાં મારી મૂક્યો. મેમાનો બૂમ પાડી ઉઠ્યા: "ઓ બાપરે ! મારી નાંખ્યા રે……અમે તારૂં શું બગાડ્યું કે આમ માર મારે છે !"

શેઠ એકદમ ઘરમાંથી બહાર દોડી આવ્યા અને આવીને જુએ છે તો પેલા મેમાનોનાં કપાળમાંથી લોહીની ધારા વહી રહી છે; અને બધે પાણી પાણીજ થઇ રહ્યું હતું. અડવાના શેઠ તો આ જોઇને દિંગમુઢજ થઇ ગયા.

મેમાનોને અડવાના શેઠે ભીંજેલાં કપડાં બદલાવી નવાં પહેરાવ્યાં અને તેમના કપાળમાં પડેલા ઘાએ વૈદ્યને બોલાવી પાટા બંધાવ્યા. અને અડવાને બેચાર લપડાકો ચોઢી કાઢી પાણીચું પકડાવ્યું.

અડવો ઘેર આવ્યો. કાંઈ પણ ધન્ધો ન હોવાથી કુવે તળાવે જ્યાં સ્ત્રીઓ પાણી ભરવા જાય ત્યાં અડવો આખો દહાડો બેસી રહેતો અને જતી આવતી જુવાન સ્ત્રીઓની મશ્કરી કરવા લાગ્યો. અડવાની એ હકીકત તેની ફોઇના કાન પર આવી તેથી એક દિવસ તેણે અડવાને કહ્યું: "ભૂઆ, તું આવું કરે છે તે ઠીક નહીં. જો કોઇ ઠેકાણે ઉંચો નીચો પગ પડયો ને, તો આપણાં બારજ વાગી જશે. માટે સંભાળીને ચાલ."

"અરે અવે તેમાં ગભરાઇ શાની મરે ! હું કેદી ઉંચો નીચો પગ ની પડવા દેઉં હમજી કેની ! તુંજ આવું મારી હલકી આબરૂ પાડી, ને અમે તો જાણે કાંઇ હમજતાજ ની ઓહે કેમ !"

એક દિવસ દરરોજના નિયમપ્રમાણે અડવો સાંજના અંધારે તળાવેથી ઘેર આવતો હતો. પુષ્કળ અંધારું થઇ ગયેલું હોવાથી રસ્તો બરાબર દેખાતો ન હતો. અડવાનો પગ એક મોટા ખાડામાં પડ્યો. જેમ તેમ પગ અંદરથી કાઢી અડવો ચારે બાજુ જોતો નાઠો અને એકદમ ઘેર આવી પોતાની ફોઇને કહેવા લાગ્યો: "ફોઇ, ફોઇ, આજ તો ગજબ થીયો; હું કરું! તેં તે દાડે કીધું ને મેં ભણીયે ઓંશીયારી રાખી, પણ આજ તો મારો પગ ઉંચે નીચે પડ્યો જો! માટે અવે આપણે કેમ કરીએ!

અડવાની ફોઇના તો હોશકોશ ઉડી ગયા. અને રાતેને રાતે કોઇ ન જાણે તેમ એક ગાડું તેઓ લઇ આવ્યાં. ગાડામાં ઘરનો તમામ સામાન ભરી અડવો, ચંચળ અને અડવાની ફોઇ બધાં અંદર બેઠાં અને રાતેને રાતે ગાડું ત્યાંથી હાંક્યું. કોઇને પણ આ વાતની ખબર ન પડે તેને માટે અડવાની ફોઇ બહુ સાવચેતી રાખતી. રાતનાને રાતના તેઓએ પોતાનું ગામ છોડ્યું અને બરાબર રાતના ત્રીજા પહોરે તેઓ એક બીજા ગામમાં આવી પહોંચ્યાં. ગાડું ગામ બહાર ઉભું રાખી ગામમાં રાતનાને રાતના ધર્મશાળામાં જઇ ગોઠવણ કરી તેમાં સર્વ સામાન મૂક્યો અને ગાડું પણ ત્યાંજ છોડ્યું. બીજે દિવસે સવારમાં ગામમાં એક ઘર ભાડે રાખ્યું અને તેમાં પોતાનું સર્વ રાચરચીલું ગોઠવવામાં અને ખાવાપીવામાં આખો દિવસ નીકળી ગયો.

રાતના વાળુ કર્યા પછી અડકાને તેની ફોઇએ પૂછ્યું: "અડકા, આજ તારો ઊંચો નીચો પગ ક્યાં પડ્યો? તે કહે તો ખરો, મારો આવી વાત કહેજે."

"અરે ફોઇ! શું વાત કરું? હું કાલે રાતે અંધારે તળાવેથી આવતો આવતો હતો તે ત્યાં પેલા દેરાં આગળ વાંકો વળીને, ત્યાં એક ખાડામાં મારો પગ પડ્યો. એટલે એક પગ નીચો થીયો ને એક ઊંચો થીયો. હજુ પણ ફોઇબા, તે પગે મને એવું કળતર થાય છે, કે મારાથી જરા ચલાતું નથી." અડકાએ ફોઇ આગળ ખુલાસો કર્યો.

અડકાની ફોઇ તો પહોળું મ્હોં કરીને અડકાની સામેજ થોડીવાર જોઇ રહી, અને પછી બોલી: "તો ફાટી મુઆ, તારૂં નખ્ખોદ જાય! તો પહેલેથી બસી મરવું હતુંને! ચાલ ઉઠ! મારો આંધળો બહેરૂં કુટાયું. ચાલો, આજે રાતના કોઇ ન જાણે તેમ પાછા ગામમાં પેશી જઇશું."

રાતનાને રાતના પાછો બધો સામાન ગાડામાં ભર્યો અને અંધારામાંને અંધારામાં પાછાં પોતાને ગામ આવી પહોંચ્યાં. સવારના પહોરમાં અડકાનું ઘર ઉઘાડું જોઇને લોકો પૂછવા લાગ્યા: "કેમ અડકાભાઇ કાલે ક્યાં ગયા હતા?"

"એ તો મારી ચંચળની બાધા મુકવાની હતી તે ત્યાં ગયાં હતાં!" અડકો એમ બોલ્યો એટલામાં તો બ.અને બાજુવાળો ચકીઓ

અડવાને બોલાવતો આવી પહોંચ્યો. તેણે આવીને કહ્યું: "અડવા ભાઇ ! ચાલો ચોરામાં; પટેલ બાપા તમને હમણાં ને હમણાં બોલાવે છે"

અડવાના ને તેની ફોઇના તો હોશ કોશ ઉડી ગયા. પણ કાંઇ ગયા વગર ચાલે એમ હતું ? અડવો પટેલ પાસે ગયો.

પટેલે અડવાને બેસાડી પુછ્યું: "અડવા કાલે કયાં ગયા હતા !"

"એતો મારી વઉને જરા બાધા ઉતી તે અમે બધાં બાધા મૂકવા ગયલાં ઉતાં." ફોઇના શીખવાડયા પ્રમાણે અડવાએ કહ્યું.

"અરે મરેરે તારો બાપ અમે તો અહીં તારા ઘરમાં કાંઇ સામાન કે વાસણ કુસણ વિગેરે કાંઈ પણ જોયું નહીં એટલે અમે તો દરબારમાં રિપોર્ટ કરી મોકલ્યો કે અડવો ગામને ઘર છોડી કયાંનો કયાં જતો રહ્યો છે." પોલીસ પટેલે એમ દિલગીરી સાથે જણાવ્યું. પોલિસ પટેલ બોલી રહ્યો એટલે એક સરકારી સવાર ઉતાવળો ઉતાવળો ત્યાં આવી પહોંચ્યો અને એક પાકીટ તેણે પોલીસ પટેલના હાથમાં આપ્યું.

પટેલે વાંચીને અડવાને કહ્યું: "લે લેતો જા અડવા, આમાંતો તારા ઘરનો પંચકયાસ કરી તારાં ઘરે સીલ કરવાનો હુકમ આપ્યો છે."

"હાય ! હાય ! તીયારે અવે હું કાં રહેવા. મને ગમે તેમ બચાવો, પટેલ કાકા !" અડવાએ રડીને કહ્યું.

પટેલને દયા આવવાથી તેણે કહ્યું: "અડવા; તું આ સવારની સાથે દરબારમાં જા. અને ત્યાં જઇને ખરી હકીકત જણાવજે. હું

આ કાગળમાં તારે માટે ભલામણ કરૂં છું."

અડવો અને સવાર બન્ને દરબારમાં ગયા. દરબાર જરા કડક હોવાથી ચોર લુટારાનો ભય નહોતો. પણ તેણે એક એવો કાયદો અમલમાં મૂક્યો હતો, કે કોઈ પણ માણસ વ્યભિચાર કરે તો તેનાં ઘરબાર જપ્ત કરવામાં આવતાં.

અડવો દરબાર સામે આવીને ઉભો રહ્યો, એટલે તેણે પૂછયું; "કાલે તું કયાં ગયો હતો ?"

"તે કેમ હું છે, મારી વઉની બાધા મૂકવા ગેયલો. અમે ગમે તાં જઇએ આવીએ તેમાં તારા બાપનું હું લુટાઇ ગીયું. જોઇએ તો બે ચાર રૂપીઆ મારી ફોઇ પાહે અપાવા. પણ તેમાં આટલી બધી ધમાલ હું ભઇઆં ખાવા મચાવી રીયો છે ?" અડવાએ દરબારને કહ્યું.

"બદમાશ, સાચું બોલ. તું કાલે વ્યભિચાર કરીને જતો રહ્યો હતો અને પાછો ઉપરથી શાપ કરે છે ?" દરબારે ડોળા ફેરવીને કહ્યું;

અડવો જરા ગભરાયો ખરો પણ તે કાંઇ હિંમત હારે એવો નહોતો. "ના રે મેં એવું વ્યભીચાર જેવું તો કાંઇ કર્યું નથી ને કદાચ કર્યું હોય તો તેમાં તારૂં હું જતી રીયું. તું આખી દુનિયા અને તેમાં રહેતા બધા માણસો તારાં બાપનાં થઇ ગીયાં કે આમ દબડાવ્યાં કરે છે ?"

"પણ તું ગયો તો કયાં કાલે ? અરે કોઇ છે કે ?" દરબારે કહ્યું.

એક સિપાઇ આવ્યો તેને દરબારે કહ્યું; "આ અડવાને બે-ચાર ફટકા લગાવો એટલે ખરું કહેશે."

"અરે પણ એટલી બધી મેનત હું કરવા કરાવી મરે. એતો મારો કાલે ઉંચો નીચો પગ પડી ગેયલો તેથી અમે રાતનાને રાતનાં તે પગ હારો કરાવવા ગેયલાં. રાતનાં ગીયાં ને બીજી રાતે પાછાં આવ્યાં. તો તારે અગાડીથી અમને કહેવડાવવું હતું ને કે અમને પૂચછા વગર કોઇએ આ ગામમાંથી જવું નઈ" અડવાએ સિપાઇ ફટકા મારે તે પહેલાં કહ્યું.

દરબાર એને ફટકા મરાવત પણ એટલામાં અડવાની ફોઇને ખબર પડવાથી તે એકદમ દરબારમાં દોડી ગઇ અને ઘણાં કાલા-વાલા કરી તથા એતો મુરખો છે, વગર અક્કલનો છે વિગેરે દરબારને સમજાવી તે અડવાને છોડવી લાવી.

જતી વખતે અડવાએ દરબારને કહ્યું "લે દીકરા લેતો જા. માયરા ફટકાને કયરો મને પાંહરો ! અરે વાતમાં ને વાતમાં હું મારી વઉને જીતી ગયો અને તેને અરાવી દીધેલી તો તારા મોટા હું બાર ?"

પણ દરબાર બીજા કામમાં રોકાયલા હોવાથી અડવો થોડુંક ચાલ્યા પછી બોલેલો હોવાથી તે દરબારે સાંભળ્યું નહીં. અડવાને લઇને તેની ફોઇ ઘેર આવી.

અડવાનાં અકકલના બીજા નમુના ઇશ્વર કૃપા હશે તો વળી આગળ બીજા ભાગમાં લખીશું નહીં તો હરિ ઇચ્છા.

મુદ્રક: ભદ્રશંકર મંછારામ ભટ્ટ.

મુદ્રણસ્થાન: કળામય પ્રિન્ટીંગ વર્કસ

ખાંડ બજાર-સુરત.